ચલથાણ સુગરમાં શેરડીની ઘટ

ચલથાણ સુગરની 58મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

શેરડીના વાવેતરમાં ઘટાડો અને 2 લાખ મેટ્રિક ટન પુરવઠાની ઘટની ચિંતા

શેરડી ઉત્પાદકોને 100 કિલો અને બિનઉત્પાદક સભાસદોને 25 કિલો ખાંડ અપાશે

ઈલ્યાસ શેખ, દિપકસિંહ મહીડા

પલસાણા, અંત્રોલીઃ ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીની 58મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન મંડળીના પ્રમુખ કેતનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને શનિવારે સંસ્થાના મેદાનમાં કરાયું હતું. આ પ્રસંગે કાર્યસૂચિમાં સમાવિષ્ટ તમામ મુદ્દાઓને સભાસદોએ સર્વાનુમતે મંજૂરી આપી હતી.

સભા દરમિયાન શેરડીના પુરવઠાના પ્રશ્ન અંગે ખાસ ચર્ચા કરવામાં આવી હતી. મંડળીમાં કુલ 16,517 સભાસદ નોંધાયેલા છે, પરંતુ તેમાંથી માત્ર અંદાજે 5,000થી 5,500 જેટલા ખેડૂતો જ શેરડીનું વાવેતર કરે છે. સભાસદોની સંખ્યાની સરખામણીએ શેરડીનું વાવેતર કરતા ખેડૂતોની સંખ્યા ઓછી હોવી મંડળી માટે ચિંતાનો વિષય બની રહી છે.

મંડળીના પ્રમુખ કેતનભાઈ પટેલે જણાવ્યું હતું કે, મંડળીના કાર્યક્ષેત્રમાં આવતાં આશરે 22 જેટલાં ગામો મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થઈ જતાં શેરડીનાં વાવેતર અને ઉત્પાદન પર તેની અસર જોવા મળી રહી છે. પરિણામે દર વર્ષે ફેક્ટરીને જરૂરી પ્રમાણમાં શેરડીનો પુરવઠો મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. છેલ્લાં ત્રણ વર્ષના આંકડાઓની સરખામણી કરતાં ચાલુ વર્ષે ગત વર્ષની સરખામણીએ અંદાજે 14,000 એકર જેટલું વધુ શેરડીનું રોપાણ નોંધાયું છે. તેમ છતાં મંડળીને અંદાજે 1.75 લાખથી 2 લાખ મેટ્રિક ટન શેરડીના પુરવઠાની ઘટનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલીક વખત ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રાખવા માટે અન્ય નોમિનલ સભાસદ ખેડૂતોની શેરડીનું પણ પિલાણ કરવું પડે છે.

વાર્ષિક સાધારણ સભા દરમિયાન ગત પિલાણ સિઝનમાં રોપાણ પાક તેમજ લામના પાકમાં શ્રેષ્ઠ ઉત્પાદન મેળવનાર સભાસદ ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે સ્થાન મેળવનાર ખેડૂતોને મંડળીના પ્રમુખ કેતનભાઈ પટેલ તથા ઉપસ્થિત ડિરેક્ટરોના હસ્તે શાલ ઓઢાડીને અને શિલ્ડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ખાંડ વિતરણ અંગે મહત્ત્વપૂર્ણ નિર્ણય

સભાના અંતે સભાસદ ખેડૂતોના હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. જે મુજબ શેરડીનું ઉત્પાદન કરતા સભાસદ ખેડૂતોને 100 કિલો ખાંડ અને શેરડીનું ઉત્પાદન નહીં કરતા બિનઉત્પાદક સભાસદ ખેડૂતોને 25 કિલો ખાંડ આપવાનો નિર્ણય સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો. આમ, ચલથાણ સુગરની 58મી વાર્ષિક સાધારણ સભામાં મંડળીની કામગીરીનો હિસાબ રજૂ કરવા ઉપરાંત શેરડીના વાવેતરમાં વધારો, પુરવઠાની અછત, શહેરીકરણની અસર અને ખેડૂતોના હિતને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. તમામ કાર્યસૂચિનાં કામો સર્વાનુમતે મંજૂર થતાં સભાનું સમાપન થયું હતું.

ચલથાણ સુગરમાં ગત સિઝનમાં 8.38 લાખ મેટ્રિક ટન પિલાણ થયું હતું

ગત શેરડી પિલાણ સિઝન દરમિયાન ચલથાણ સુગર ફેક્ટરી દ્વારા અંદાજે 8.38 લાખ મેટ્રિક ટન શેરડીનું પિલાણ કરવામાં આવ્યું હતું. જેમાંથી અંદાજે 8.43 લાખ ક્વિન્ટલ ખાંડનું ઉત્પાદન નોંધાયું હતું. આ આંકડાઓ મંડળીની ઉત્પાદન કામગીરી દર્શાવે છે.

વલણ ગામે પાંચ માસની ગર્ભવતી મહિલાનું મોત

કામરેજ: મૂળ ઉત્તરપ્રદેશના સિધ્ધાર્થનગરના કુળજાના વતની અને હાલ કામરેજના વલણ ગામે જી.એમ. ટેક્સટાઈલ પાર્કના ગેટની સામે માલારામ ચૌધરીની બિલ્ડિંગમાં રહેતા સદાનંદ મોર્યા રહે છે. પત્ની અનિતાબેન (ઉ.વ.22)ને પાંચ માસનો ગર્ભ હતો. ગુરુવારે રાત્રિના પેટમાં ગેસ થવા લાગતાં કડોદરા ખાતે ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં સારું લાગતાં અનિતાબેનને ઘરે લાવ્યાં હતાં. ફરી શુક્રવારે સવારે દુખાવો થતાં પલસાણા રેફરલ હોસ્પિટલમાં લઈ જતાં હોસ્પિટલમાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

કારેલીમાં બાથરૂમમાં લપસી પડતાં શ્રમજીવીનું મોત

પલસાણા: કારેલીની આરાધના સ્કાયપાર્ક સોસાયટીમાં રહેતા મૂળ જલગાંવના ટોળીના ૪૮ વર્ષીય શ્રમજીવી સંતોષભાઈ બાબુલાલ સરદાર ગત ૨૮ ઓક્ટોબરે ઘરે બાથરૂમમાં લપસી પડ્યા હતા. આથી માથું દીવાલ સાથે ભટકાતાં સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું.

ચલથાણમાં રિક્ષા ચોરી કરનારો ઝડપાયો, 1 વોન્ટેડ

પલસાણા: કડોદરા GIDC વિસ્તારમાં રિક્ષા ચોરીનો ઉકેલ લાવવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસે અંત્રોલી ગામના ગેટ નં. ૨ પાસેથી રૂ. ૧,૦૦,૦૦૦ની ચોરાયેલી રિક્ષા (નં. GJ 05 BY 6237) સાથે મૂળ ઓરિસ્સાના અને હાલ પાંડેસરા વિસ્તારમાં રહેતા ૧૯ વર્ષીય ભાગીરથ ઉર્ફે બાગી સુરેન્દર પ્રધાનને ઝડપી લીધો હતો. પૂછપરછમાં આરોપીએ નીતિન પાટીલ સાથે મળી અન્ય રિક્ષાનો ઉપયોગ કરી ચલથાણની સોસાયટીમાંથી ચોરી કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે રૂ.૧,૪૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ઓલપાડમાં કતલખાને લઈ જવાતા ૯ પાડાને બચાવાયા

સાયણ: ઓલપાડ ટાઉનના સાયણ ફાંટા પાસેથી બજરંગ દળના ગૌરક્ષકોની બાતમીના આધારે પોલીસે કતલ માટે લઈ જવાતા ૯ પાડા બચાવ્યા છે. કીમથી સુરત તરફ આવતા એક પિકઅપ ટેમ્પો નં. (જીજે-૧૮,એક્સ ૩૧૯૨)માંથી પાણી કે ઘાસચારો વગર ક્રૂરતાપૂર્વક બાંધેલા ૩થી ૫ વર્ષની ઉંમરના ૯ પાડા મળી આવ્યા હતા. પોલીસે ચાલક રફીક ઇસ્માઇલ મલિક (રહે.,પાદરા, વડોદરા)ની અટકાયત કરી હતી.

દસ્તાન ગામથી યુવતી ગુમ

પલસાણા: દસ્તાનની ઉમા વિહાર સોસાયટીના રૂમ નં.૨૩૮માં રહેતા અને મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના શિંખેડાના વતની અશોકભાઈ રાજપૂત ખાનગી નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૩૦ ઓક્ટોબરે બપોરે ૧૮ વર્ષની પુત્રી ખુશી ક્યાંક ચાલી ગઈ હતી. જેનો આજદિન સુધી પત્તો ન લાગતાં પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.

પોતાની જ ટ્રકમાંથી ડીઝલ કાઢતા ડ્રાઈવરને 'ચોર' સમજી ફટકાર્યો

બારડોલીના હીંડોલીયાની ઘટના, ૪ શખ્સ સામે પોલીસ ફરિયાદ

બારડોલીઃ બારડોલીના હીંડોલીયા ગામની ચૌધરી હોટલના કમ્પાઉન્ડમાં એક ટ્રક ચાલકને પોતાની જ ટ્રકમાંથી ડીઝલ કાઢતી વખતે ડીઝલ ચોરીની શંકામાં માર મારવાની ઘટના સામે આવી છે. આ મામલે બારડોલી પોલીસ સ્ટેશનમાં ચાર લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ રાજસ્થાનના બાડમેરના રહેવાસી અને વ્યવસાયે ટ્રક ડ્રાઈવર ખેતારામ હનુમાનરામ ચૌધરી (ઉં.વ.૨૭) ગત તા.૩૦/૧૦/૨૦૨૬ના રોજ મોરબીથી પોતાની ટ્રક નં.(RJ 47 GA 3525)માં ટાઈલ્સ ભરી ઓરિસ્સા જઈ રહ્યા હતા. બપોરે હીંડોલીયા ગામે આવેલી ચૌધરી હોટલ પર તેઓ રોકાયા હતા અને સાંજના સમયે તેમની ટ્રકની એક ડીઝલની ટાંકી ખાલી થઈ જતાં તેઓ બીજી ટાંકીમાંથી રબરની પાઈપ વડે ડીઝલ કાઢી રહ્યા હતા.

આ સમયે બાજુમાં આવેલા આનંદ પેટ્રોલ પંપવાળા ચંદ્રભુષણ પાંડે ત્યાં આવ્યા હતા અને 'તું અમારી હોટલમાં ડીઝલ ચોરી કરે છે' તેમ કહી ગાળો બોલી રબરની પાઈપથી માર મારવા લાગ્યા હતા. ત્યારબાદ ચંદ્રભુષણે બૂમાબૂમ કરી પોતાના માણસો રવિ પાંડે, જીતેન્દ્રકુમાર સીંગ અને જીતેન્દ્ર મોર્યને બોલાવ્યા હતા. જેમાં જીતેન્દ્રકુમાર સીંગે પીવીસી પાઈપથી અને અન્ય લોકોએ ઢીકમુક્કીનો માર માર્યો હતો. ટ્રક ડ્રાઈવરને બચાવવા પડેલા અન્ય બે ડ્રાઈવરો સહદેવ ભવરલાલ વિશ્નોઈ અને સુનીલ જેનારામ વિશ્નોઇને પણ આ લોકોએ માર માર્યો હતો અને સહદેવને નીચે પાડી દીધો હતો. આ ઘટના બાદ ચંદ્રભૂષણ પાંડેએ ડ્રાઈવરને 'બીજી વાર અહીં ટ્રક લઈને આવ્યો તો જાનથી મારી નાંખીશ' તેવી ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે ૧૧૨ પર ફોન કરતા પોલીસ દોડી આવી હતી અને બારડોલી પોલીસે ચંદ્રભૂષણ પાંડે, રવિ પાંડે, જીતેન્દ્રકુમાર સીંગ અને જીતેન્દ્ર મોર્ય સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

કીકવાડમાં ૨.૨૧ કરોડના દારૂ પર રોલર ફરી વળ્યું

બારડોલી ગ્રામ્ય પોલીસે ૮૫ ગુનામાં કુલ 52,015 બોટલ દારૂ પકડ્યો હતો

બારડોલીઃ સુરત ગ્રામ્ય વિસ્તારમાં બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જમા થયેલા બિનજરૂરી મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો છે. બારડોલી રૂરલ પોલીસ દ્વારા વિવિધ ૮૫ જેટલા પ્રોહિબિશનના ગુનાઓમાં જપ્ત કરવામાં આવેલ કુલ રૂપિયા ૨,૨૧,૦૪,૫૦૧ ની કિંમતના ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરનો નાશ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૬માં તારીખ ૨૩/૦૧/૨૦૨૬ થી ૦૧/૦૯/૨૦૨૬ દરમિયાન નોંધાયેલા આ તમામ ૮૫ કેસનો આ મુદ્દામાલ હતો. બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા કીકવાડ ગામની સીમમાં આવેલા જૂના પુલ પરના બંધ રોડ ઉપર વિદેશી દારૂ અને બીયરની નાની-મોટી બોટલો તથા ટીન મળીને કુલ ૫૨,૦૧૫ નંગ જથ્થા પર રોડ રોલર ફેરવીને તેનો કચ્ચરઘાણ કાઢી નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરી માટે એક વિશેષ સમિતિની રચના કરવામાં આવી હતી, જેના અધ્યક્ષ સ્થાને બારડોલીના એસ.ડી.એમ. અને પ્રાંત અધિકારી રોશની પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમના ઉપરાંત નાયબ પોલીસ અધિક્ષક એચ.એલ. રાઠોડ, બારડોલી રૂરલના પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન.જાડેજા અને નશાબંધી તથા આબકારી વિભાગના ઈન્ચાર્જ અધિક્ષક વી.સી.ડોડીયાની હાજરીમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

લક્ષ્મીખેડામાં પુલ નીચે નવજાત બાળકનો મૃતદેહ મળી આવ્યો

એકથી પાંચ દિવસના નવજાત બાળકનો મૃતદેહ મળી આવતાં ચકચાર

કુકરમુંડાઃ નિઝરના લક્ષ્મીખેડા ગામ નજીક ભીલભવાલી પુલ નીચે નદીના પાણીમાં કિનારા પરથી નવજાત બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મામલે નિઝર પોલીસે અજાણી સ્ત્રી અથવા પુરુષ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તા.30/10/2026ના રાત્રે ૯ વાગ્યાથી તા.31/10/2026ના વહેલી સવારે ૧:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન લક્ષ્મીખેડા ગામથી આગળ આવેલા ભીલભવાલી પુલ નીચે નદીના પાણીમાં કિનારા ઉપર નવજાત બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. તેની ઉંમર આશરે એકથી પાંચ દિવસની હોવાનું તેમજ બાળકની માથાથી પગ સુધીની લંબાઈ આશરે ૧૬ ઈંચ જેટલી હોવાનું જાણવા મળ્યું છે. કોઈ અજાણી સ્ત્રી અથવા પુરુષે બાળકના જન્મની હકીકત છુપાવવાના ઈરાદે બાળકના મૃતદેહને ગુપ્ત રીતે ત્યજી દીધો હોવાની બાબત સામે આવી છે. આ બનાવ અંગે લક્ષ્મીખેડા ગામના મંદિર ફળિયામાં રહેતા અને ખેડૂત ભાવુભાઈ તાપસિંગભાઈ વસાવાએ નિઝર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નવી પારડીમાં રિવર્સ આવતા ટેમ્પોએ એક વર્ષના બાળકને કચડી નાંખ્યો

ખોડિયાનગરમાં બાળક રમતો હતો ત્યારે અકસ્માત સર્જાયો

વિશાલ પટેલ

કામરેજઃ નવી પારડી મઝદાગલીમાં ટેમ્પોને રિવર્સ લેતાં ચાલકે રોડ પર રમી રહેલા બાળકને અડફેટે લેતાં તેનું મોત નીપજ્યું હતું.

મૂળ બિહારના મુઝફરપુરના ખાખરા ગામના વતની અને હાલ કામરેજના નવી પારડી ગામે ખોડીયાર નગર-1 મઝદાગલીમાં ભાડાના મકાનમાં એક મહિનાથી ભવ્યાકુમારી દિપકકુમાર ચૌહાણ પતિ દિપક ચૌહાણ તેમજ સંતાનો સાથે રહે છે. શુક્રવારના રોજ સવારના રૂમ પર રસોઈ બનાવતી હતી. આશરે સવારના 11.00 કલાકે ખોડીયારનગરમાં મહાવીર પ્લાસ્ટીક કંપનીની પાસે રોડ પર એક વર્ષનો પુત્ર દિવ્યમકુમાર રોડ પર રમતો હતો. પિતા મોબાઈલમાં જોતા હતા ત્યારે બંધ બોડીનો પીકઅપ ટેમ્પો (નં. જીજે 05 બીએચ 5329)ના ચાલકે રિવર્સ લેતાં રોડ પર રમતા એક વર્ષના દિવ્યમને અડફેટે લેતાં માથાના પાછળના ભાગે તેમજ પીઠના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચી હતી. તેને ખાનગી વાહનમાં ખોલવડની દિનબંધુ હોસ્પીટલમાં સારવાર માટે લઈ જતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે ટેમ્પાના ચાલક સામે ફરિયાદ નોંધી હતી.

ઘટના બનતા ટેમ્પાનો ચાલક નાસી છુટયો હતો. વધુમાં મરનાર દિવ્યમની માતા અગાઉ લગ્ન નિરજકુમાર સીંગ સાથે થયા હતા, તેનાથી સંતાનમાં બે દિકરી અક્ષરાસીંગ, અર્પિતાસીંગ તેમજ પુત્ર દિવ્યમકુમાર હતો. પતિ સાથે અણબનાવના લઈને દિપકકુમાર ચૌહાણ સાથે રહેવા લાગી હતી. બિહારના મુઝફરપુરની ફેમિલી કોર્ટમાં કેસ પણ ચાલે છે. આ અકસ્માતની આખી ઘટના સીસીટીવીમાં કેદ થવા પામી હતી.

સંક્ષિપ્ત સમાચાર

બારડોલીના તેન શાળામાં ધીરુભાઈનો નિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો

બારડોલીઃ તેન સ્થિત યુ.કે.આર.કે.એમ. સેવા સમાજ સાર્વજનિક માધ્યમિક શાળાના કર્મઠ કર્મચારી ધીરુભાઈનો નિવૃત્તિ સન્માન સમારંભ ૩૦ ઓક્ટોબરે યોજાયો હતો. સમારંભમાં સુરત-વલસાડ જિલ્લા રોહિત કેળવણી મંડળના પ્રમુખ રાજેન્દ્રભાઈ સોલંકી, મંત્રી હેમંતભાઈ ચૌહાણ અને ઉપપ્રમુખ સંજયભાઈ ચૌહાણ સહિત ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે વહીવટી સંઘના માજી ઉપપ્રમુખ અને બોર્ડના માજી સભ્ય અજીતસિંહ સુરમા, સી.આર.સી. નયનભાઈ રાઠોડ તથા પોસ્ટલ ઇન્સ્પેક્ટર અશોકભાઈએ હાજરી આપી હતી. શાળાના આચાર્ય કિરણસિંહ ગોહિલ, સમગ્ર સ્ટાફ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને ધીરુભાઈના પરિવારે હાજર રહી તેમની નિષ્ઠાવાન સેવાઓને બિરદાવી હતી. અંતે ધીરુભાઈ તરફથી તમામ મહેમાનો અને ગ્રામજનો માટે સહભોજનું આયોજન કરાયું હતું.

પલસાણાના વરેલી ગામે રસોઈના ચૂલામાં ભડકો થતાં આધેડ દાઝ્યો

પલસાણાઃ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં નોંધાયેલી વિગત અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના ફતેપુર જિલ્લાના બેનકી તાલુકાના ભદાળા ગામના વતની અને હાલ પલસાણાના વરેલી ગામે ગીતગોવિંદ સોસાયટીમાં આવેલી રાજુભાઈની બિલ્ડિંગના રૂમ નંબર ૪માં રહેતા ૫૦ વર્ષીય અશોકકુમાર ચંદ્રિકાપ્રસાદ પટેલ મજૂરી કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તારીખ ૨૯મી ઓક્ટોબરના રોજ રાત્રિના નવેક વાગ્યાના અરસામાં અશોકકુમાર પોતાના રૂમમાં ગેસના ચૂલા પર રસોઈ ગરમ કરવા માટે ગયા હતા. તેઓ ગેસનો ચૂલો સળગાવવા જઈ રહ્યા હતા ત્યારે અચાનક જ ભડકો થયો હતો. આ ભયાનક ભડકાના કારણે અશોકકુમાર પટેલ આખા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. આ બનાવ અંગે અશોકકુમારના પત્ની ૪૭ વર્ષીય રાનીબેન પટેલે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસમાં જાણ કરતા પોલીસે જાણવા જોગ ગુનો દાખલ કર્યો છે.

ઉમરવાવ નજીક 2.52 લાખનો દારૂ પકડાયો

વ્યારાઃ ડોલવણમાં ઉમરવાવ નજીક ડોલવણ પોલીસે લિસ્ટેડ બુટલેગર નિલેશ ચૌધરીના ઘરેથી રૂ.2,52,406 વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. મળતી માહિતી મુજબ ગત તા.30-10-2026ના રોજ ડોલવણ પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળતાં ઉમરવાવ નજીક ગામે નિશાળ ફળિયામાં રહેતા લિસ્ટેડ બુટલેગર નિલેશ ખાનસીંગ ચૌધરીના ઘરની બાજુમાં ઓટલા પર સંતાડી રાખેલો રૂ.2.52 લાખનો દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. જોકે, બુટલેગર નિલેશ ચૌધરી પોલીસને હાથ લાગ્યો ન હતો. ડોલવણ પોલીસે બુટલેગર નિલેશ ચૌધરીના ઘરેથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો નંગ-1128 કુલ કિં.રૂ.2,52,406નો પ્રોહિબિશન મુદ્દામાલ કબજે લીધો હતો તેમજ પોલીસને જોઇને સ્થળ પરથી ભાગી છૂટેલા બુટલેગર નિલેશ ચૌધરી સામે ગુનો નોંધી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

કુકરમુંડાની બોરીકૂવા પ્રાથમિક શાળાના શિક્ષકને નિવૃત્તિ વિદાયમાન

કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકાની બોરીકૂવા પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષક વસંતભાઈ રૂબજીભાઈ વસાવાની સંઘર્ષમય સફર પ્રેરણારૂપ છે. પરિવારનું ગુજરાન ચલાવવા જંગલમાં લાકડાં કાપવાની મજૂરી અને દુકાનમાં કામ કરનાર વસંતભાઈએ આર્થિક મુશ્કેલીઓ છતાં ૩૨ વર્ષની ઉંમરે શિક્ષક બનવાનું સ્વપ્ન સાકાર કર્યું હતું.

તેઓએ બારામોવ અને બોરીકૂવા શાળામાં લાંબી અને નિષ્ઠાવાન સેવાઓ આપી અનેક વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડ્યું છે. તેમની સેવા નિવૃત્તિ નિમિત્તે યોજાયેલા વિદાય સમારંભમાં તેમણે કુકરમુંડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘને રૂ.૫,૦૦૧નો ચેક અર્પણ કર્યો હતો અને આચાર્યોને ભેટ આપી હતી. ગ્રામજનો અને સહકર્મીઓએ તેમને ભાવભીની વિદાય આપી દીર્ઘાયુષ્યની કામના કરી હતી.

બારડોલીમાં એકતા યાત્રા યોજાઈ

બારડોલીઃ લોખંડી પુરુષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી તથા રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૩૧ ઓક્ટોબરના રોજ બારડોલીમાં જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સવારે બારડોલી સ્થિત સ્વરાજ આશ્રમ ખાતેથી 'યુનિટી રન' અને સાંજે સ્ટેશન રોડથી સ્વરાજ આશ્રમ સુધી ભવ્ય 'એકતા યાત્રા' યોજાઈ હતી.

કડોદરામાં માથાભારે ઈસમની પાસા હેઠળ અટકાયત

પલસાણાઃ કડોદરા GIDC પોલીસે ગંભીર ગુનાઓ આચરનાર અસામાજિક અને ભયજનક ઈસમ સાગર નટવરભાઈ વાંસફોડિયા (ઉં.વ.૨૫, રહે., અંત્રોલી ગામ, પલસાણા)ની પોલીસે 'પાસા' (PASA) હેઠળ અટકાયત કરી છે. બાતમીના આધારે પોલીસે આરોપીને કડોદરા નગરપાલિકા નજીકની ગલીમાંથી ઝડપી પાડ્યો હતો. સુરત જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ઈશ્યુ કરાયેલા પાસા વોરંટના આધારે તેની અટકાયત કરીને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. ઝડપાયેલ આરોપી સાગર વાંસફોડિયા વિરુદ્ધ બારડોલી, ખટોદરા અને કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં લૂંટ, મારામારી, આર્મ્સ એક્ટ, પ્રોહિબિશન અને ધમકી આપવા જેવા કુલ ૭ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

DGVCL

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909

વલસાડ શહેરી વિભાગીય કચેરી

કન્ટ્રી ક્લબ રિસોર્ટ, વશીયર વેલી સામે, પો.-વશીયર વલસાડ - ૩૯૬૦૦૭.

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની સુચના

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખનાં રોજ અગત્યનું સમારકામ હોવાથી વિદ્યુત પુરવઠો બંધ રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
૧	૬૬ કે.વી. ગુંદલાવ	૧૧ કે.વી. મુળી	વલસાડ ઇન્ડસ્ટ્રીયલ	(૦૨૬૩૨) ૨૩૬૬૦૦	૦૨.૧૧.૨૦૨૬ (સોમવાર)	૯:૦૦ થી ૧૩:૦૦
૨	૬૬ કે.વી. વલસાડ સિટી	૧૧ કે.વી. સેગવી	કોસ્ટલ	(૦૨૬૩૨) ૨૪૪૧૫૭	૦૨.૧૧.૨૦૨૬ (સોમવાર)	૯:૦૦ થી ૧૩:૦૦
૩	૬૬ કે.વી. અટક પારડી	૧૧ કે.વી. અબ્રામા	અતુલ	૬૩૫૭૬૦૫૬૯૧	૦૨.૧૧.૨૦૨૬ (સોમવાર)	૯:૦૦ થી ૧૩:૦૦
૪		૧૧ કે.વી. અટકપારડી એ.જી.				
૫	૬૬ કે.વી. ભાગડાવાડા	૧૧ કે.વી. લાઇટ હાઉસ	કોસ્ટલ	(૦૨૬૩૨) ૨૪૪૧૫૭	૦૩.૧૧.૨૦૨૬ (મંગળવાર)	૯:૦૦ થી ૧૩:૦૦

નોંધઃ સમારકામ પૂર્ણ થયેથી કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

કાર્યપાલક ઇજનેર (સં અને નિ.), વલસાડ (શહેરી) વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી. / ઇ.એલ.સી.બી. / આર.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

DGVCL

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909

નવસારી શહેરી વિભાગીય કચેરી, બનાતવાલા સ્કૂલ ની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી - ૩૯૬૪૪૫

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (ક ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનંવતા ગ્રાહકોને જણાવવાનું નીચે જણાવેલ ફીડરો ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી નીચે આપેલ તારીખ અને સમયે વીજ પુરવઠો મળી શકશે નહી. જેની અમારા માનવંતા ગ્રાહકોને નોધ લેવા વિનંતી છે. સમારકામ પુર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનતી.

અ નં	સબ-સ્ટેશન	ફીડરનું નામ	સબ-ડીવીઝન	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ /વાર	સમય
૧	૬૬ કે.વી નવસારી સીટી	૧૧ કે.વી એસ.ટી ડેપો	નવસારીપૂર્વ	૯૮૭૯૨૦૧૦૭૭	૦૨.૧૧.૨૦૨૬	૮:૩૦ થી ૧૪:૦૦
૨	૬૬ કે.વી છાપરા	૧૧ કે.વી જમાલપોર	નવસારીપૂર્વ	૯૮૭૯૨૦૧૦૭૭	૦૪.૧૧.૨૦૨૬	૮:૩૦ થી ૧૪:૦૦
૩	૬૬ કે.વી છાપરા	૧૧ કે.વી. પ્રતીક્ષા સોસાયટી	નવસારીપૂર્વ	૯૮૭૯૨૦૧૦૭૭	૦૫.૧૧.૨૦૨૬	૮:૩૦ થી ૧૪:૦૦

નોંધઃ સમારકામ પુર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનતી.

કાર્યપાલક ઇજનેર (સં અને નિ)નવસારી. શહેરી વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો